ડો. દેવી વી. ખૂટી
ગુરૂકુળ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ
કોલેજ પોરબંદર
**F.Y B.A સેમ-૨**

# <u>વિષય :- અર્થશાસ્ત્ર પે-૪ ભારતીય અર્થતંત્ર</u>

## Q=1 ભારતીય અર્થતંત્રમાં ઉદ્યોગોનું મહત્વ.

ભારત વિશ્વમાં સાસ્કૃતિની ભવ્યતા ધરાવતો દેશ છે. સાસ્કૃતિક એટલે ગુફાથી ઘર સુધીનો એક માર્ગ જુનામાં જુનું અથવા રહેણી કરણી રીતરીવાજો માન્યતાઓ અને મૂલ્યોનો સરવળો એટલે સાસ્કૃતિક પ્રાચીન સમયમાં આવતો હતો એનો અર્થ એ હતો અને તેની બાજું કે ભારતતીય ભૂમિએ સતો અને મહાપુરુષોની પવિત્રભૂમિ છે. એટલે તેને સોને કી ચીદીયાના નામે ઓળખાતો દેશ છે.

- ### ઉદ્યોગનો અર્થ

ભારતીય ઉધોગો દ્રારા બનાવવામાં આવેલી બેનમુન વસ્તુઓની વિશ્વનાં બજારોમાં ખુબજ માંગ હતી . આથી વિશ્વનાં બજારોમાંથી તેના બદલામાં સોનું , ચાંદી અને ઝવેરાતના ભારતમાં ઢગલા થતાં હતા . ઈતિહાસકાર આર્થર બનીના કહ્યા મુજબ " પ્રાચીન ભારતમાં સોનું અને ચાંદી આખા વિશ્વમાંથી ફરીને ભારતમાં સ્થિર થવા માટે આવતું હતું . ટી.એ. હોલેન્ડના જણાવ્યા મુજબ પ્રાચીન એક ઓદ્યોગિક રાષ્ટ્ર હતું અને પોતાની કલાકારીગરી તથા ઓદ્યોગિક પેદાશો માટે આખી દુનિયામાં જાણીતું હતું એટલે વિદેશી પ્રજાઓએ પગપેશા રો કયો અને અંતમાં અગ્રેજોએ આપણા દેશ પર હુકુમત સ્થાપી અને દેશને ગુલામ બનાવી દીધો હતો અને ભારત સમુહી ઈંગ્લેન્ડ ભેની નાખવાનો વિશ્વના બજારો માંથી ભારતના નામને ભૂંસી નાખવાનો હતો. આથી તેનું પરિણામ એ આવ્યું કે ભારત અત્યારે સુધી વિશ્વનું કારખાનું હતું તે ઈંગ્લેન્ડનું ખેતર ગયું. આમ આપણે જયારે આજાદી થયા ત્યારે દેશમાંથી નાના અને ગૃહઉદ્યોગો તેમજ કલાકારી નો સંપૂણ નાશ થઈ ગયો હતો. પરંતુ આજાદી પછી ભારતનો કેટલાક પ્રાણ પ્રશ્નો જેવાકે ગરીબી,બેરોજગારી,આર્થિક અસમાનતા પ્રદીશિક અસમાનતા વગેરે હલ કરવાનું કપરૂ કાવ્ય કરવાનું હતું. આં પાયાના પ્રશ્નોને હલ કરવા માટે નાના કદના કઉદ્યોગોજ મહાન ઉદ્યોગો અને માધ્યમ કદના ઉધ્યોગોજ મહાન આધાર બની શકે તેમ હતા તેથી આજાદી પછી નાના અને ગૃહઉદ્યોગોને પુન:બેકા કરીને સમુદ્ર કરવાનું તેમજ મધ્યમ કદના ઉદ્યોગોનું નવેસરથી ઉત્થાન કરવાનું કાર્ય સરકારે હાથ ધરવાની અનિવાર્યતા પેદા થઈ હતી. આથી સરકારે આજાદી પછી એક બાજુંએ નાના ઉદ્યોગોમાં પ્રાણ પુરીને તેને ચેતનવતા બનવવાની અને બીજી બાજુએ મધ્યમ કદના ઉદ્યોગોનો નવેસરથી વિકાસ કરવા માટે પહેલી યોજનાથી જ કામગીરી હાથ ધરી છે.

- ### ઉદ્યોગોનું મહત્વ

દેશનાં આર્થિક વિકાસ માટે કુષિક્ષેત્રના વિકાસ માટે રોજગારી નવી તકો સર્જવા માટે અર્થતંત્રનાં આંતરિક સાધનોના મહતમ વપરાસ માટે લોકોની આવકમાં ઝડપી વધારો કરવા માટે ઓધોગીકીકણ જરૂરી છે. જેથી કરી શકાય કે ભારત જેવા વિકાસમાન દેશોમાં જોવા મળતી બેરોજગારી અને ગરીબી જેવી વિદ્યુત સમસ્યાઓને નિવારવા ઓધોગીકીકણ જરૂરી છે. આં ઓધોગીકીકણ માત્ર આર્થિક વિકાસ હાસલ કરવાં માટે નહી પણ સામાજિક અને રાજકીય સ્થિરતા માટે ખુબ જરૂરી છે.

### ઉધોગોનું વગીકણ

↓

કદનાં આધારે
કુટિર ઉધોગો
લઘુ ઉધોગો
મોટા ઉધોગો
ગૃહ ઉધોગો
ટચુકડા ઉધોગો
નાના ઉધોગો
આનુષંગિક ઉધોગો
મધ્યમ ઉધોગો

માલિકીના આધારે
જાહેર ક્ષેત્રનાં ઉધોગો
ખાનગી ક્ષેત્રનાં ઉધોગો
સહકારી ક્ષેત્રનાં ઉધોગો
સંયુક્ત ક્ષેત્રનાં ઉધોગો

ચીજવસ્તુઓને આધારે
કાચા માલ આધારિત
બજાર પર આધારિત

કાચા માલ આધારે
ખેત પેદાશપર આધારિત
વનીલ પર આધારિત
ખનિજ પર આધારિત

ઉત્પાદિત વસ્તુનાં આધારે
વપરાશી વસ્તુનાં ઉધોગો
અર્ધતૈયાર વસ્તુના ઉધોગો
મૂડી સર્જ ઉધોગો

- **નાના પાયાના ઉધોગો**

નાના પાયાનાં ઉધોગો છેલ્લા પાચ દપ્કાઓ દરમિયાન ખુબ અગત્યના અને પ્રગતિશીલ રહ્યા છે. તેઓ રોજગારી સર્જૅન માટે ઓછી મૂડી દ્વારા ઉત્પાદન કરવા માટે ગ્રામ્ય વિસ્તારોમાં ઓધોગીકીક્રણ કરવાં માટે પછાત વિસ્તારોના વિકાસ કરવા માટે પ્રદીશિક અસમાનતા ધરવા માટે તેમજ રાષ્ટીય આવક અને સ્પ્તીની સમાન વહેચીણી કરવા ઉપયોગો છે. ભારતમાં નં પાયાના ઉદ્યોગોએ માટે પાયાના ઉદ્યોગોનાં પૂરક બની દેશના સામાજિક અને આર્થિક વિકાસમાં સહભાગી થઈ રહ્યા છે.

- **નાના પાયાના ઉધોગોનું મૂડીરોકાણ**

➢ ૧૯૯૧માં ૬૦ લાખ સુધીનું હતું ત્યાર આબિદ હુસેન સમિતિની ભલામણ મુજબ ૩ કરોડ સુધી કરવામાં આવ્યું
➢ ૨૦૦૬માં ૨૫ લાખથી ૫ કરોડ કરવામાં આવ્યું
➢ ૨૦૧૯નાં ઉદ્યોગો પર સમાચાર મુજબ ૨ કરોડ સુધીનાં નાના ઉદ્યોગો પ્ર હવે મળશે ૮૦ લાખની સબસીડી
✓ સામાન્ય વર્ગને ૬૦ લાખ
✓ એસ સી/એસ ટી ને ૮૦ લાખ

- **મધ્યમ પાયાના ઉદ્યોગો**

જે ઉદ્યોગોમાં રૂ:- ૫ કરોડ વધુ અને રૂ:- ૧૦ કરોડથી ઓછીએવી મૂડી લેવામાં આવી હોઈ. જે શ્રમપ્રધાન અથવા મૂડીપ્રધાન ઉત્પાદન પધ્ધ્તી નો ઉપયોગ કરતો હોઈ તેવા ઉદ્યોગોને મધ્યમ ઉદ્યોગો કહે છે. મધ્યમ કદના ઉદ્યોગો નાના ઉદ્યોગો કરતા મોટા ઉદ્યોગો અને મોટા ઉદ્યોગો કરતા નાના હોઈ છે. જે બેરીજ્ગારી વ્યક્તિને મોટા પ્રમાણમાં રોજગારી પૂરી પાડે છે.

(૧) રેલ્વેનાં પાટા બનાવવાનો ઉદ્યોગો
(૨) ખનીજ કાઢવા માટે નો પ્લાનનો ઉદ્યોગો
(૩) અમુક પ્રકારની મશીનરી બનવવાનો ઉદ્યોગો
(૪) બિલ્ડીંગ કોન્ટ્રકટરનો ઉદ્યોગો
(૫) લોખંડ પોલાદની ફેક્ટરીનો ઉદ્યોગો

- **મોટા પાયાના ઉદ્યોગો**

જે ઉદ્યોગો રૂ:- ૧૦ કરોડ વધુ મૂડીનો ઉપયોગ થયો હોઈ અને જે માત્ર મુદીપ્રધાન ઉત્પાદન પધ્ધતિનો વધુ ઉપયોગ કરતા હોય તેવા ઉધોગોને મોટા પાયાના ઉદ્યોગો કરે છે અને ધણય સાહસીકો આવા મોટા ઉદ્યોગો સાથે સકુળાવેલા હોઈ છે. આં પ્રકારના ઉદ્યોગોમાં આપણે આં પ્રમાણે નાં ઉદ્યોગોને ગણાવી શકીએ.

- જહાજ બનાવવાનો ઉદ્યોગો
- વિમાન બનાવવાનો ઉદ્યોગો
- રેલ્વેનાં એન્જિન – ડબ્બાઓ બનાવવાનો ઉદ્યોગો
- વિશાળ તેમજ મોટા મોલ તેમજ બીલીંગ્સ બનાવવાનો ઉદ્યોગો
- નાણા બનાવતી કે અન્ય વસ્તુ માટે ટકશાળ ઉદ્યોગો
- મોટી ખાણોનો ઉદ્યોગો
- ખનીજ ઉદ્યોગો

- **જાહેર ક્ષેત્રનાં ઉદ્યોગો**

જયારે ઉત્પાદિત એમની માલિકી અને સંચાલન સરહાર હસ્તહ હોય છે. ત્યારે તે જાહેર ક્ષેત્રનું એકમ ગણાય છે . દા.ટ. રેલ્વે, ટેલીફોન, ટપાલ વગેરે સરકારની માલિકી નાં ઉદ્યોગ છે , જે જાહેરક્ષેત્રે નાં ઔધોગીક એકમો તરીકે ઓળખાય છે , જાહેર ક્ષેત્રેના ઉધોગોને ત્રણ વિભાગમાં વર્ગીકરણ અનુસાર વહેચવામાં આવે છે .

- **ખાતાકીય ઉધોગો**

જયારે સરકાર કેટલાક ઔધોગીક એકમો પોતાની સીધી દેખરેખ હેઠળ , એક ખાતા તરીખે ચલાવે છે. ઉપરાત આવા એકમોની આવક અને ખર્ચની જોગવાઈઓ અંદાજપત્રમાં સામેલ કરવામાં આવે છે. તેવા ઔધોગીક એકમોને ખાતાકીય એકમો તરીકે ઓળખવામાં આવે છે . દા.તા. રેલ્વે , ટપાલ .

- **જાહેર નિગમો**

જે એકમોની માલિકી કેન્દ્ર કે રાજ્ય સરકારી હોય છે . પરંતુ તેનું સંચાલન સ્વતંત્રપણે નિગમ (કોર્પોરેશન) દ્રારા કરવામાં આવે છે . પરંતુ નિગમનાં સંચાલન અને નિર્ણય પ્રક્રિયામાં સરકારનો વિશેષ પ્રભાવ જોવા મળે છે. દા.તા. જીવનવીમા નિગમ , સ્ટેટ ટ્રાન્સપોર્ટ નિગમ, એર ઈન્ડિયા , ખાતર ઉત્પાદન વેચાણ કર્તા (IFFCO,GSFC,GNFC વગેરે).

- **સયુંકત મૂડી કંપનીઓ**

જે એકમનોનું સંચલાન ખાનગી ક્ષેત્રની જેમ પ્રવર્તમાન કંપનીધારા મુજબ કરે છે .

દા.તા. હિન્દુસ્તાન મશીન ટુલ્સ ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન () ઇન્ડિયા ઓઈલ કોર્પોરેશન વગેરે.

- **ખાનગી ક્ષેત્રનાં ઉધોગો .**

જે ઔધોગીક એક્મોની માલિકી અને સંચાલન ખાનગી હોય તેવા એકમને ખાનગી એકમ કહે છે .

દા.તા. હર, ટીવી,બુટ-કંપલ બનાવતા એકમો.

- સયુંકત ક્ષેતના ઉદ્યોગો

જાહેર ક્ષેત્રનાં ઉધોગોમાં ચાલતા સયુંકત મૂડી એકમો અને સયુંકત ક્ષેત્રનાં ઉધોગો વચ્ચે તફાવત હોય છે . સયુંકત ક્ષેત્રનાં ઉધોગોએ જાહેર ક્ષેત્રના ઉધોગોમાં સરકાર ઉધોગોમાં સરકાર ઉધોગોનો માલીકી હકશેર સ્વરૂપે લોકો અને પેઢીઅઓને ૫૧% હે તેથી વધુ પ્રમાણમાં આપેલ છે. જેથી ઉદ્યોગો સયુંકત હોવા છતાં તે સરકારના અધિકાર ક્ષેત્રમાં જ રહે છે. દા.તા. GSPC.

- **જાહેર ક્ષેત્રનાં એકમોના ઉદેશો**

(૧)આર્થિક વિકાસની ઝ્ડ્તીનો વેગવાન બનાવવી

(૨) આર્થિક વિકાસ માટે નાણાકીય સાધનોનું સર્જન કરવું

(૩) આવક અને સંપતિ પુન : વહેચરી સાધનોનું સર્જન કરવું

(૪) રોજગારીની તકોનું સર્જન કરવું.

(૫) સમતુલિત પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન આપવું .

- ઉપસંહાર

ભારતીય ઉધોગોમાં સમગ્ર ચર્ચા પરથી આપને એવા તારણ પર આવી શકીએ કે ભરતના આર્થિક વિકાસમાં ઔધોગિક ક્ષેત્રનો વિકાસ સર્વાંગી અને ઝડપી આયોજન કાલ દરમ્યાન થઈ સક્યો છે . જેમાં સરકારની ઔધોગિક નીતિ , જાહેરક્ષેત્રની કામગીરી , નાના પાયાનાં ઉધોગોની કામગીરી , મધ્યમ , ઉધોગો અને મોટા ઉધોગોની સમસ્યા , ઉપાય અને વિકાસ ની મદદથી ઈયટતમ વિકાસ થઈ શકે છે . એમાંય ખાસ કરીને , ભરતના મુખ્ય પ્રાણ પ્રશ્નો જેવાકે ગરીબી , બેકારી, આવકની અસમાનતા , ભુખમરો પ્રાદેશિક અસમાનતાણે ભવારવા માટે ખેતીક્ષેત્રનાં વિકાસની સાથે સાથે ઔધોગિક ક્ષેત્રનો વિકાસ કરવો જરૂરી માનવામાં આવે છે . કેમકે વિશ્વના વિકસિત રાષ્ટ્રોની હરોળમાં ભારતનો સ્થાન અપાવવા માટે સાથે ભારત તાલ મિલાવવા માટે ઔધોગિક વિકાસણે યોગ્ય અને પૂરતા પ્રમાણમાં મહતમ આપવું જોઈએ .

આપણા રાષ્ટ્રપતિ ડો,એ પી જે અબ્દુલ કલામ દ્રારા આં દિશામાં યોગ્ય જ કહેવામાં આવ્યું છે કે ભારત ૨૦૨૦ સુધીના સમયગાળામાં વિકસિત રાષ્ટ્રોની હરોળ માં સ્થાન પ્રાપ્ત કરી શકશે જરુર માત્ર દઢ સંકલ્પ, અથાગ પરિશ્રમ અને સંનિષ્ઠ પ્રયાસોની જેમના દ્રારા અપેક્ષિત લક્ષ્યાંકોણે પર પાડી શકાય .